# ભારત સાથે શાંતિપૂર્ણ સંબંધ ઈચ્છે છે પાકઃ બાજવા

*કરાચી:* પાકિસ્તાન 'ઝઘડાખોર' ભારત સહિત તેના તમામ પડોશી દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધો ઇચ્છે છે, એમ એ દેશના લશ્કરી વડા જનરલ કમાર જાવેદ બાજવાએ જણાવ્યું હતું.

અત્રે 'ઇન્ટરપ્લે ઑફ ઇકોનોમી ઍન્ડ સિક્યુરિટી' અંગે યોજાયેલા સેમિનારમાં બોલતાં જનરલ બાજવાએ જણાવ્યું હતું કે પાકિસ્તાનની આસપાસના પ્રદેશો 'ઐતિહાસિક ભાર' અને 'નકારાત્મક સ્પર્ધા'ને કારણે બંધનયુક્ત પરિસ્થિતિમાં છે.

પાકિસ્તાનસ્થિત ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા સંખ્યાબંધ હુમલાઓને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો અનેક રીતે કથળેલા છે. નવી દિલ્હી દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઇસ્લામાબાદ તેની ભૂમિ પરનું ત્રાસવાદી નેટવર્ક નેસ્તનાબૂદ ન કરે ત્યાં સુધી દ્વિપક્ષી મંત્રણા થઇ શકે એમ નથી.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો પણ તંગદિલીભર્યા છે, કારણ કે બંને દેશ ઉદ્દામવાદી સંગઠનો તરફ આંખ આડા કરવાનો પરસ્પર પર આક્ષેપ કરી રહ્યા છે.

અમારા દેશની બહારનો મોરચો સતત બદલાતો રહ્યો છે. અમારી પૂર્વમાં ઝઘડાખોર ભારત અને પશ્ચિમમાં અસ્થિર ભારત હોવા સાથે અમારો પ્રદેશ ઐતિહાસિક બોજ અને નકારાત્મક સ્પર્ધાને કારણે બંધનયુક્ત સ્થિતિમાં રહેલો છે, એમ જન. બાજવાએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આ પરિસ્થિતિમાં કોઇ રાષ્ટ્રીય એકશન પ્લાન હાથ ધરવા માટે સંકલિત પ્રયાસો કરવાની જરૂર છે, જેથી ખતરો સર્જનારા પરિબળો દૂર થાય.

અલબત્ત, અમે અમારા પક્ષે પશ્ચિમ સરહદ શાંત રહે એ માટે એકધારા અને મક્કમ પ્રયાસો કરી રહ્યા છીએ. ભારત સાથે શાંતિપૂર્ણ અને રાબેતા મુજબના સંબંધો સ્થાપિત થાય એ માટે પણ અમે દૃઢ ઇચ્છા દર્શાવી છે, આમ છતાં આ બાબતમાં ભારતનું વલણ અક્કડ રહ્યું છે, એમ જનરલ બાજવાએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# સિનિયર ઍડવોકેટની નિમણૂક: સુપ્રીમે માર્ગદર્શિકા ઘડી કાઢી

*નવી દિલ્હી:* વકીલોની વરિષ્ઠ હોદ્દા પર નિમણૂક કરવા સુપ્રીમ કૉર્ટે ગુરુવારે પોતાના તેમ જ હાઇ કૉર્ટ માટે માર્ગદર્શિકા ઘડી કાઢી હતી અને દેશના મુખ્ય ન્યાયાધીશના વડપણ હેઠળની સમિતિ રચવાનો આદેશ આપ્યો હતો જેને સચિવાલય સહાય કરશે.

ન્યાયાધીશ રંજન ગોગોઇના વડપણ હેઠળની ખંડપીઠે જોકે સિનિયર ઍડવોકેટની નિમણૂક કરવાની સુપ્રીમ અને હાઈ કૉર્ટને સત્તા આપતી ૧૯૬૧ ઍડવોકેટ ઍક્ટની કલમ ૧૬ને ગેરબંધારણીય લેખાવવાની માગણી કરતી અરજી નકારી કાઢી હતી.

આ કોઈ નિરંકુશ, માર્ગદર્શન પૂરું ન પાડતી કે અયોગ્ય સત્તા નથી એણ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ કલમનો દુરુપયોગ થઈ શકે તેવી શક્યતાની ભૂમિકાને આધારે કાયદાની આ જોગવાઈને અયોગ્ય લેખી શકાય નહીં, એમ ન્યાયાધીશ આર. એફ .નરીમાન અને નવિન સિંહાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે કહ્યું હતું. વરિષ્ઠ વકીલ ઈંદિરા જયસિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી સહિત ચાર અરજીને નકારી કાઢતા ખંડપીઠે ૧૧૨ પાનાનાં ચુકાદામાં વરિષ્ઠ હોદ્દા પર વકીલોની નિમણૂંક કરવાની પ્રક્રિયા સાથે અસરકારક રીતે કામ પાર પાડી શકાય તે માટેની માર્ગદર્શિકા જાહેર કરી હતી. (પીટીઆઇ)■

# કાશ્મીર મુદ્દો વારંવાર ઉઠાવવા બદલ પાકની ટીકા કરી ભારતે

*સંયુક્ત રાષ્ટ્રસંઘ:* એજન્ડાનો હિસ્સો ન હોય તેવા મંચ પર પણ કાશ્મીરનો મુદ્દો અવારનવાર ઉઠાવી લેવાને મામલે ભારતે પાકિસ્તાનને એમ કહીને આડેહાથ લીધું હતું કે પડોશી દેશ ઈતિહાસને આગળ વધારવાને બદલે એકલો જ ખેડાણ કરી રહ્યો છે.

જમ્મુ-કાશ્મીરના લાંબા સમયથી અનિર્ણિત પડી રહેલા વિવાદનો ઉકેલ લાવ્યા વિના જૂની વસાહતો પરથી અગાઉની રાજ્ય સત્તા ઉઠાવી લેવાનો સંયુક્ત રાષ્ટ્રસંઘનો એજન્ડા પૂરો નહીં થાય એ પ્રકારનું નિવેદન પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ મલીહા લોધીએ સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે કરેલા નિવેદનને પગલે ભારતની આ પ્રતિક્રિયા આવી પડી હતી. (પીટીઆઇ)■

# ૨.૬ ટ્રિલિયન ડૉલરની સંપત્તિ ચીની ધનકુબેરો પાસે

*બીજિંગ:* પ્રમુખ શી જિન્પિંગ દ્વારા ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ ચલાવવામાં આવેલી ઝુંબેશ છતાં ચીનના ૨૧૩૦ ધનકુબેરોની કુલ સંપત્તિનો આંક ૨.૬ ટ્રિલિયન ડૉલર જેટલો હોવાનું જાહેર કરવામાં આવેલા ધનકુબેરોની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

રિયલ એસ્ટેટ ડેવલપર એવરગ્રાન્ડ ગ્રુપના અધ્યક્ષ શૂ જિયાયિન ૪૩ અબજ ડૉલરની કુલ સંપત્તિ સાથે દેશના સૌથી ધનવાન વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા છે અને તેમણે ગયા વરસે આ યાદીમાં ટોચ પર રહેલા વૅન્ગ જિયાન્લિનનું સ્થાન આંચકી લીધું છે, એમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. વૅન આ યાદીમાં ટોચ પરથી પાંચમા ક્રમે ફેંકાઈ ગયા છે.

૩૦ કરોડ કરતા વધુ સંપત્તિ ધરાવતી ઓછામાં ઓછી ૭૪ વ્યક્તિએ આ વરસે જાહેર કરવામાં આવેલી ધનકુબેરોની યાદીમાં સ્થાન મેળવ્યું છે.

ગયા વરસે જાહેર કરવામાં આવેલી ધનકુબેરોની યાદીમાં ૨૦૫૬ વ્યક્તિનો સમાવેશ થતો હતો જેમાં આ ૭૪નો ઉમેરો થતા આ યાદીમાં સમાવિષ્ટ ચીનના ધનકુબેરોનો આંક ૨૧૩૦ પર પહોંચ્યો છે અને તેમની કુલ મિલકતનો આંક ૨.૬ ટ્રીલીયન ડૉલર પર પહોંચ્યો છે. ચીનના ધનકુબેરોની કુલ સંપત્તિનો આંક વિશ્વના પાંચમા ક્રમાંકના સૌથી મોટા અર્થતંત્ર ગણાતા યુકેના કુલ જીડીપી જેટલો થાય છે, એમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઇ)■

## પહેલા પાનાનું ચાલુ

## તલવાર દંપતી નિર્દોષ

ખંડપીઠે ચુકાદામાં જણાવ્યું હતું કે અમે અરજદારોને શંકાનો લાભ આપીને સીબીઆઇ અદાલતના ચુકાદાને રદબાતલ કરીને તલવાર દંપતીને છોડી દઇએ છીએ.

સીબીઆઇએ જણાવ્યું હતું કે અમે વડી અદાલતના ચુકાદાનો અભ્યાસ કરીને ભાવિ પગલાં નક્કી કરીશું.

દસ્ના જેલના જેલર દધીરામ મૌર્યએ જણાવ્યું હતું કે તલવાર દંપતી પ્રાર્થના કરી રહ્યું છે અને તેઓને ન્યાય મળ્યો હોવાનું લાગે છે.

તેમણે જણાવ્યું હતું કે તલવાર દંપતીએ નાસ્તો કર્યા બાદ પ્રાર્થના કરી હતી. તેઓની દિનચર્યા સામાન્ય હતી અને નૂપુર તલવારની આંખમાં ખુશીના આંસુ આવી ગયા હતા.

જેલરે જણાવ્યું હતું કે કોઇપણ કેદીનો લાંબો સમય સુધી જેલમાં રહ્યા બાદ છુટકારો થાય તો તે ખુશ થાય જ.

તલવારની વકીલોની ટીમનાં સભ્ય વકીલ રેબેકા જૉને જણાવ્યું હતું કે મને આ ચુકાદાથી રાહત થઇ છે. આખો કૅસ આડી અવડી વાત પર આધારિત હતો.

તેમણે જણાવ્યું હતું કે મને આશા છે કે આ કૅસને લઇને છેલ્લાં નવ વર્ષથી સમાચારમાં ચમકતા રહેતા તલવાર દંપતીને હવે થોડી એકલતા અપાશે.

તલવાર પરિવારના ઘરમાં દીકરી આરુષીનો મૃતદેહ ૨૦૦૮ના મેમાં તેના રૂમમાંથી મળ્યો હતો અને તેનું ગળું કપાયું હતું.

આરુષિની હત્યામાં સૌપ્રથમ શંકા 'લાપતા' ૪૫ વર્ષીય ઘરનોકર હેમરાજ પર ગઇ હતી, પરંતુ એક દિવસ પછી ઘરની આગાસીમાંથી તેની લાશ મળી હતી.

ઉત્તર પ્રદેશની પોલીસ ધીમી તપાસ ચલાવતી હોવાનો આક્ષેપ કરાતા તે વખતના મુખ્ય પ્રધાન માયાવતીએ તપાસ સૅન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વૅસ્ટિગૅશન (સીબીઆઇ)ને સોંપવાની ભલામણ કરી હતી. (પીટીઆઇ)■

# જૈન મરણ

**ગોડવાલ ઓસવાલ જૈન**

ગામ પાબુજી દેવલી, ફણસા-રાજસ્થાન નિવાસી હાલ મુલુંડ, મુંબઈ, તે માતુશ્રી લિલાબેન રતીલાલજી - ખિમચંદજી ગુંગલિયાના પુત્રવધૂ, તે કૈલાશભાઈના ધર્મપત્ની, તે શ્રીમતી કલ્પનાબેન-માંગીલાલજી, અનિતા-મુકેશભાઈ, શિલ્પા-ભરતભાઈના ભાભી, તે યશ, માનસી, સિમોનીના મોટા મમ્મી, સ્વ. શ્રીમતી સુનિતાબેન કૈલાશભાઈ શાહ (ઉં.વ. ૫૧)નું બુધવાર, તા. ૧૧-૧૦-૧૭ના અવસાન થયું છે. બન્ને પક્ષોની પ્રાર્થના સભા શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૭ના સવારે ૧૧થી ૧ વાગ્યા સુધી. સ્થળઃ કાલીદાસ મેરેજ હૉલ, પી. કે. રોડ, મુલુંડ (પ.)માં રાખેલ છે. પિયર પક્ષઃ- શ્રીમતી પાનકંવર પુખરાજજી વેદમુથા (નાસિક રોડ).

**કચ્છી વિશા ઓસવાલ જૈન**

કોકલીયા હાલે સાંગલીના માવજી લાલજી દેઢિયા (ઉં. વ. ૭૮) અવસાન પામેલ છે. કુંવરબાઈ લાલજી વેલજીના પુત્ર. નવલબેનના પતિ. ધીરજ, જ્યોતી, રમેશના પિતા. માલશી, પ્રેમજી, દેવરાજ, લક્ષ્મીબેન, વિજયાબેન, બચુબેન, પદમણીના ભાઈ. સાભરાઈના ખીમઈબાઈ કુંવરજી ડાઈયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ માવજી ગિરનાર કોમ્પલેક્ષ, બી-૫, રૂમ નં. ૩૬, સાંગલી. (ચક્ષુદાન કરેલ છે.)

**મારવાડના વિશા પોરવાલ જૈન**

લુણાવાવાલા શા. સ્વ. ભભુતમલજી, કીસ્તુરચંદજી, સ્વ. જીણાલાલજી. ચંપાલાલજી, કાંતીલાલજી, સ્વ. જીવનબેન, સ્વ. શાંતિબેન, ઈન્દ્રાબેનના પુત્રવધુ. પુત્ર-પુત્રી અનિલ-રંજન, ભરત- મમતા, શ્રેણીક-મોહિની, સચિન-હીના, કોકીલા-પ્રવિણજી, કલ્પના-ગીરીશજી, શીતલ-ગીરીશજી. શા. બાબુલાલજી ભભુતમલજીના ધર્મપત્ની રસિલાબેન (ઓટીબેન) (ઉં. વ. ૬૫)નું અવસાન બુધવાર, ૧૧-૧૦-૧૭ના દિવસે મુંબઈમાં થયું છે. ઉઠમણું શુક્રવાર, ૧૩-૧૦-૧૭ના સવારે ૧૧ થી ૧. ઠે. લુણાવા મંગલ ભવન, દાદાજી કોંડકે ક્રોસ માર્ગ, રાણી બાગ, ભાયખલા (ઈસ્ટ), મુંબઈ-૨૭. પીઅર પક્ષ ખીવાંદી નિવાસી શા. મોતીલાલજી નવલાજી, વલદરિયાની પુત્રી.

શિવગંજવાલા શા. સ્વ. સરેમલજી રતનચંદજીના પુત્ર ભભુતમલજી, ભવરલાલ, ધનરાજ, હસમુખ, સુંદરબેનના ભાઈ. રણજીત, રમેશ, રેખા, સારીકાના પિતા ફલચંદજી સરેમલજી (ઉં. વ. ૬૫)નું અવસાન મંગળવાર, ૧૦-૧૦-૧૭ના ભાયંદરમાં થયું છે. ઉઠમણું શુક્રવાર, ૧૩-૧૦-૧૭ના ૧ થી ૩. ઠે. રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વે). સાસરા પક્ષ શા. કપુરચંદજી લુંબાજી ટીલાવતના જમાઈ, વિક્રમચંદ હિરાચંદના બનેવી. ગામ પાલડી થાનાવાલી.

**મારવાડના ગોડવાલ ઓસવાલ જૈન**

સાદડીવાલા શા. પ્રેમલ, ભારતી, રાકેશ, મુકેશ, સુમનની મમ્મી. મમતા, પિંકી, મહેન્દ્રજી, રાજેશજી, રાજેશજીના સાસુજી. ઉર્જા, ગતિ, કલ્પના, ખુશી, રિષભના દાદીજી. શા. કાલીદાસ ચુન્નીલાલ રાંકાના ધર્મપત્ની શા. ઉમરાવબેન કાલીદાસજી (ઉં. વ. ૬૯)નું અવસાન બુધવાર, ૧૧-૧૦-૧૭ના મુંબઈમાં થયું છે. ઉઠમણું શુક્રવાર, ૧૩-૧૦-૧૭ના સવારે ૧૧ થી ૧. ઠે. શા. જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજની બાજુમાં, ડી. એન. રોડ, અંધેરી (વે.). પ્રાર્થનાસભા બંને પક્ષોની સાથે રાખેલ છે. પીઅર પક્ષ સ્વ. જાવતરાજજી સ્વ. પોપટલાલજી અશોકજી ચન્ડાલીયાની બહેન.

**બેતાલીશ દશા હુમડ દિ. જૈન**

સરડોઈના હાલ બોરીવલી ગાંધી અરવિંદકુમાર શંકરલાલના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૭૧)નું અવસાન ૮-૧૦-૧૭નાં થયેલ છે. તે ભાવિકાબેન સંદીપકુમાર કોટડિયા, જીજ્ઞાબેન, દેવેનકુમાર મહેતાના માતુશ્રી. ગુણવંતભાઈ, રજનીભાઈ, કિર્તીભાઈના ભાભી. ચંદુભાઈ, ભરતભાઈ, જયંતીભાઈના બહેન. કોમલ, ધ્રુમીલ, સલોની, દિયાનની નાની. પ્રાર્થનાસભા ૧૪-૧૦-૧૭ ને શનિવારના સવારે ૯ થી ૧૧. સ્થળઃ શ્રી ગીરધારીલાલ મુનશી જૈન સભાગૃહ (શાન્તી સાગર હોલ), જૈન બેંકની ઉપર, ચામુંડા સર્કલ, એસ. વી. પી. રોડ, બોરીવલી (વે), મુંબઈ.

**હાલારી વિશા ઓશવાળ જૈન**

ઢીંચણાના મુરીબેન મેઘજી (મેપા) વિરપાર મારૂના પુત્ર ધનજીભાઈ (ઉં. વ. ૮૬) ૪-૧૦-૧૭ના ધુનેશ્વર, જામનગર મુકામે અવસાન પામેલ છે. તે સ્વ. જીવરાજ, સ્વ. કાનજી, લીલાધરભાઈ, સ્વ. જુઠાલાલ, સ્વ. મોતીબેન મેઘજી, સ્વ. ગંગાબેન કરમશી, નવાગામ સ્વ. નેમચંદ, સ્વ. ગોવિંદજીના ભાઈ. તે હિતેશ, હિતેન, રંજન મેહુલ, આંબલા, ભગવાનજી, વીમલ, મયુર, નયના મોતીચંદ, શાંતા બીપીન, કૌશીકા જયેશના મોટાબાપા. તે આદિત, વીનીત, સમીર, સુજન, પ્રીયલ, હિરલ, ધવલના દાદા. સાદડી ૧૩-૧૦-૧૭ ને શુક્રવારના ૩.૩૦ થી ૪.૩૦. ઠે. ગોપુરમ હોલ, પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વે).

**ચૌદગામ વિસા પોરવાડ જૈન**

સીપોર (હાલ ઘાટકોપર) વસંતલાલ છોટાલાલ શાહ (ઉં. વ. ૮૦) બુધવાર, ૧૧-૧૦-૧૭ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ચિનુભાઈના ભાઈ. પુષ્પાબેનના પતિ. રાજેશ, ઝરણા, બીંજલના પિતા. કવિતા, જીન્દત, તુષારના સસરા. પ્રાર્થનાસભા ૧૩-૧૦-૧૭ના ૫ થી ૭. ઠેઃ શેઠ ધનજી દેવસી રાષ્ટ્રીય શાળા, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી હાલ ઘાટકોપર વિનયકાંત હરીલાલ ખોખાણી (ઉં. વ. ૮૨) તે મંદાકિનીબેનના પતિ. સ્વ. વસંતલાલ પારેખ (રાજકોટ)ના જમાઈ, તે ચિ. નીશીત - મેઘના તથા સૌ. ચૈતાલી - મનીષભાઈ શુકલના પિતાશ્રી. તે સ્વ. રમેશભાઈ, સ્વ. નવનીતભાઈ, શ્રી કાંતિભાઈ, સ્વ. આશાબેન કોઠારી, સ્વ. નલીનીબેન પંચમીયા તથા નીલમબેન શાહના ભાઈ. ચિ. જૈની તથા ક્રીનાના દાદા તા. ૯-૧૦-૧૭ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ચૌદગામ વિસા પોરવાડ જૈન**

સીપોર હાલ ઘાટકોપર શ્રી વસંતલાલ છોટાલાલ શાહ (ઉં. વ. ૮૦) બુધવાર તા. ૧૧-૧૦-૧૭ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ચીનુભાઈના ભાઈ, પુષ્પાબેનના પતિ. રાજેશ, ઝરણાં, બીંજલના પિતા. કવિતા, જીન્દત, તુષારના સસરાની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૦-૧૭ સાંજે ૫ થી ૭. સ્થળઃ શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વહેવાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

ધ્રાંગધ્રા નિવાસી (હાલ માટુંગા) સ્વ. ધનજીભાઈ રતિલાલ દફતરીના ધર્મપત્ની ઈન્દુબેન (ઉં. વ. ૮૨)નું મંગળવાર તા. ૧૦-૧૦-૧૭ના અરિહંતશરણ પામેલ છે. તે ઝીંઝુવાડા નિવાસી સ્વ. ગોકળદાસ સાકળચંદ વોરાના પુત્રી તથા પ્રેમીલાબેન,

# હિન્દુ મરણ

**મોઢ વણિક**

માતુશ્રી સરલાબેન હીરાલાલ મણિયાર (ઉં.વ. ૮૭) તે દિલીપ, ડૉ. પંકજના માતુશ્રી, વીણાબેન, રક્ષાના સાસુ, તેજસ, ડૉ. નિત્તલ, મૌલિક નેહલ, ડૉ. વશિષ્ઠ, ડૉ. અવનિ, ડૉ. રિદ્ધિ સિદ્ધાર્થ કટારિયાના દાદી, પિયર પક્ષે સ્વ. કંચનબેન જગજીવનદાસ વડોદરિયાના પુત્રી બુધવાર, તા. ૧૧-૧૦-૧૭ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૪-૧૦-૧૭ના રોજ સાંજે ૫થી ૭ દરમ્યાન લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭ ખાતે રાખેલ છે.

**કોળી પટેલ**

ગામ ખરસાડ હાલ અંધેરી ડાહ્યાભાઈ પ્રેમાભાઈ તથા સ્વ. લક્ષ્મીબેનના પુત્ર અશ્વિનભાઈ (ઉં.વ. ૫૭) બુધવાર, તા. ૧૧-૧૦-૨૦૧૭ના રોજ અવસાન પામેલ છે. તે નયનાબેનના પતિ. હિરેન, મિતાલીના પિતા. ધનેશભાઈના મોટા ભાઈ. ચીમનભાઈ, જશવંતભાઈના કાકાના દીકરા. કેતનના કાકા. તેમનું બેસવાનું શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૭ના બપોરે ૩થી ૫ નિવાસસ્થાને તેમ જ પુષ્પપાણી રવિવાર, તા. ૨૨-૧૦-૧૭ના રોજ બપોરે ૩થી ૪ તેમના નિવાસસ્થાને રાખેલ છે. નિવાસઃ ૧૦૭/એ૧, અપના ઘર કો-ઓ.હા. સોસાયટી, તેલી ગલી, શ્રી સંદેશના સામે, અંધેરી (ઈ.), મુંબઈ-૪૦૦૦૬૯.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

જૂનાગઢ હાલ મલાડ ગં.સ્વ. વિજયાબેન નવીનચન્દ્ર ચુનિલાલ પારેખ (ઉં. વ. ૯૦) તા. ૧૧-૧૦-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. કિશોરભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ, આશાબેન, નયનાબેન, હર્ષાબેન, ચેતનાબેન તથા હીનાબેનના માતુશ્રી. અ.સૌ. શૈલાબેન, ડોલીબેન તથા અંજલીબેનના સાસુ. મેઘના, જય, બિજલ, નિરવ તથા ઋષભના દાદીમા. સ્વ. દ્વારકાદાસભાઈ, સ્વ. લક્ષ્મીદાસભાઈ, ગોકુળદાસ નાથાલાલ દેસાઈ તથા સ્વ. કલાબેન પ્રાણલાલભાઈ શેઠના બહેન. પ્રાર્થના શનિવાર, તા. ૧૪-૧૦-૧૭ના સવારે ૧૦થી ૧૨ ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબ, લિંકિંગ રોડ, ગોરેગામ વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

બાબાભાઈ નાનુભાઈ ઠક્કર (ઉં. વ. ૭૧) તે સ્વ. સુશીલાબેન નાનુભાઈ ઠક્કરના પુત્ર. સ્વ. મિનળબેન શેરીયારભાઈ ઈરાની, આશાબેન દિનેશભાઈ કારિયાના ભાઈ. નેવિલના મામા. બુધવાર તા. ૧૧-૧૦-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ મુંબઈ મલાડ ઈસ્ટ અ.સૌ. બીનાબેન (ઉં. વ. ૫૪) તા. ૧૧-૧૦-૧૭ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે હેમંતભાઈ, ગંગાદાસ સંઘવીના પત્ની. ઔશ્વર્યાના મમ્મી. દિવ્યાબેન દિનેશભાઈ સંઘવી અને સ્મિતાબેન કિરિટભાઈ શેઠના ભાભી. બંસરી અને દેવાંશી પલક કેડિયાના મોટી મમ્મી. કપિલાબેન રમણીકભાઈ ધનજીભાઈ વોરાના

---

સાધ્વીજી પ્રહરસીતાશ્રીજી, ચેતન, મુકેશ, રાકેશના માતુશ્રી. હર્ષિદા, રાગિણી, ફાલ્ગુનીના સાસુ. બંને પક્ષોની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૦-૧૭ના શુક્રવાર સાંજે ૪ થી ૬. ઠે.: માનવ સેવા સંઘ, કિંગસર્કલ, સ્ટેશનની બાજુમાં, ગાંધી માર્કેટની સામે. લૌકિક વહેવાર બંધ છે.

**હાલારી વિશા ઓશવાળ જૈન**

ગામ સિક્કા હાલ જામનગર શ્રી જયંતિલાલ મુળજી ગોસરાણીના ધર્મપત્ની લક્ષ્મીબેન (ઉં. વ. ૭૩) તા. ૮-૧૦-૧૭ને રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રામજી, સ્વ. નેમચંદ મુળજી, ગં.સ્વ. કસ્તુરબેન શાંતિલાલ, ગં.સ્વ. રઢિયાતબેન ગોવિંદજીના ભાભી. શશીકાંત જયંતિલાલ, બિન્દુ મિતેશ દોઢિયા, વનિતા રશ્મિન, શિલ્પા અમીત મારૂ, રીટા નિકંજ નાગડાના માતુશ્રી. સ્વ. લાલજી હરગણ હરિયા, સ્વ. ખેતશી વૃજપાર હરિયા ચેલાના સ્વ. કાનજી, સ્વ. છગનલાલ, દિનેશ, લાલજી હરિયા ચેલા, કંચનબેન કાંતિલાલ ગડા ઢીંચણાના ના દીકરી/ બેન. સાદડી તા. ૧૩-૧૦-૧૭ને શુક્રવારના ૩.૩૦ થી ૪.૩૦ રાખેલ છે. સ્થળઃ ઓશવાળ સાગર હોલ, અંજુર ફાટા, ભિવંડી.

સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૩-૧૦-૧૭ શુક્રવારે સાંજે ૫થી ૭ કમ્યુનિટી હોલ, રાહેજા ટીપકો હાઈટ્સ, રાણીસતી માર્ગ, પાસપોર્ટ ઓફિસ કોમ્પ્લેક્સ, મલાડ ઈસ્ટ, મુંબઈ ૯૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

ગં. સ્વ. જ્યોતીબેન હસમુખભાઈ ઉગાણી કચ્છ ગામ જખૌવાળાની પુત્રવધૂ અ. સૌ. મીનાક્ષી (ઉં.વ. ૪૬), તે રાજનભાઈના ધર્મપત્ની, તે પ્રભાવતી લાલજીભાઈ આથા કચ્છ ગામ ભદરેશ્વર વાળાની નાની પુત્રી, તે નીધી તથા યાશીકાના માતુશ્રી, તે અલ્પા મનીષભાઈ જોષીના ભાભી, તે બુધવાર, તા. ૧૧-૧૦-૧૭ના મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાનુશાલી**

સ્વ. ભા. ત્રિકમદાસ હીરજી મંગેના ધર્મપત્ની ગં. સ્વ. સેજબાઈ (ઉં. વ. ૮૫) કચ્છ ગામ નુધાતડવાલા હાલે કોપરખેરાણે- વાશી મધ્યે ૧૨-૧૦-૧૭, ગુરુવારના ઓધવશરણ પામેલ છે. તેમના પરિવાર જેઠ સ્વ. ખીમજી હીરજી, પુત્રો વેલજી, શંભુભાઈ, સ્વ. વસંત ત્રિકમદાસ મંગે, સ્વ. પરસોતમ, કરસનદાસ, કાન્તીલાલ, વસંત ખીમજી મંગે, માવિત્ર સ્વ. દામજી રતનશી ચાંદ્રાલઠેડી જમાઈ નારાણજી લક્ષ્મીદાસ મીઠીયા સાંધાણ, રમેશ નારાણજી ભદ્રા ધનાવાડા, જયેશ મંગલદાસ ગોરીબાંભડાઈ. પ્રાર્થના રાખેલ નથી. (લૌ. વ્ય. બંધ છે.)

**લુહાર-સુથાર જ્ઞાતિ**

શેલણાવાળા નાનજીભાઈ કાનજીભાઈ પરમાર (હાલ અંધેરી) (ઉં. વ. ૯૨) ૧૦-૧૦-૧૭ના મંગળવારે વૈકુંઠવાસી થયેલ છે. તે અશોકભાઈ, ભરતભાઈ, દિલીપભાઈ, શશીભાઈ, રંજનબેન નટવરલાલ ચિત્રોડાના પિતા. સરલાબેન, દક્ષાબેન, અનિલાબેન, મીનાબેનના સસરા. તે સ્વ. મનજીભાઈ રામજીભાઈ મકવાણા તથા સ્વ. રણછોડભાઈ રામજીભાઈ મકવાણાના બનેવી. પ્રિતી- હિના-ભાવના, પરેશ, ભાવેશ, મહેશના દાદાની સાદડી ૧૩-૧૦-૧૭, શુક્રવારે ૪ થી ૬. ઠે. લુહાર સુથાર વાડી, બોરીવલી (ઈ).

**ઘોઘારી લોહાણા**

કીર્તીદાબેન કિશોરભાઈ ગણાત્રા (ઉં. વ. ૬૦) તે લીલાવતીબેન ભુપતરાય ગણાત્રાના પુત્રવધૂ. વિવેકભાઈના માતુશ્રી. તે દિનેશભાઈ, ચંદ્રકાંતભાઈ, દીપકભાઈ અરુણાબેન જયંતિલાલ કારીયા, દર્શનાબેન દીલીપભાઈ સોમૈયાના ભાઈના પત્ની. ઈન્દુબેન દીલીપરાવ ભુપતાણીના પુત્રી. કોમલબેનના સાસુ ૯-૧૦-૧૭નાં સોમવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૩-૧૦-૧૭, શુક્રવારના ૫ થી ૭. ઠે. હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, શંકરના મંદિરની બાજુમાં, કાંદીવલી (વે). લૌકીક વ્યવહાર બંધ છે.

**દમણિયા દરજી**

સ્વ. લક્ષ્મીબેન રમણલાલ દમણિયાના પુત્ર જશવંત (કિશોર) (ઉં. વ. ૫૭) ગુરવાર, ૫-૧૦-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. તે રોહિણીબેનના પતિ. પ્રિતેશ, રાજના પિતા. ગં. સ્વ. સુશીલાબેન પ્રવિણચંદ્ર દમણિયાના જમાઈ. જયંતીલાલ તથા રોહિણીબેન અરુણકુમારના નાનાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. મંજુલાબેન કાંતીલાલ (ભાણાભાઈ) શાહના પુત્ર મુકેશ (ઉં. વ. ૬૫) તે મીતાબેનના પતિ. કુમુદબેન પ્રવીણચંદ્ર મણીલાલ (પાકા) ગાંધીના જમાઈ. સુમીષ-પ્રેરણા, અમિત-રૂચિના પિતા. સ્વ. ઉષાબેન, ભારતીબેન, સુરેખાબેન, કલ્પનાબેન, રક્ષાબેન, સ્વ. સોનલબેન તથા સ્મિતાબેનના ભાઈ ૯-૧૦-૧૭ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૩-૧૦-૧૭ના ૫-૩૦ થી ૭-૩૦. ઠેઃ તારાબાઈ હોલ, શિવપ્રસાદ બિલ્ડિંગ, મરીનલાઈન્સ, મું.-૨૦. લૌકિક પ્રથા બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

લીલાવંતી નારાણજી મચ્છર (ઉં. વ. ૮૦) (હાલ માંડવી) તે સ્વ. ચત્રભુજ રામજી ટાટારીયાના પુત્રી. નારાણજી, ગંગાબેન ઉમરશી ઘેલા, ટોકરશી, નિર્મલાબેન ડાયાલાલ મચ્છર, દયારામના બેન. રમેશ, જીતેન્દ્ર (પોર્ટુગલ), સુમિત્રાના માતુશ્રી. રશ્મિ, પારૂલના સાસુ. જય અને ભવ્યાના દાદીમા ૧૦-૧૦-૧૭, મંગળવારના

# પારસી મરણ

હોમી કૈખશરૂ ખેરધામવાલા તે મરહુમ ફેની હોમી ખેરધામવાલાના ખાવિંદ, તે યાસ્મીન માનેક ખાડીવાલા, હોમાય નવરોઝ સંતોક, રોશન હોમી ખેરધામવાલા, નરગીશ હોરમઝદ ઈરાની તથા મરહુમ દારાયશ હોમી ખેરધામવાલાના બાવાજી, તે નવરોઝ સંતોક, હોરમઝદ ઈરાની તથા મરહુમ માનેક ખાદીવાલાના સસરાજી, તે આસતાદ, મોનાઝ, મઝદીયાર, ફરઝીનના મમાવાજી, તે મરહુમો શેહરબાનુ તથા કૈખશરૂ ખેરધામવાલાના દીકરા (ઉં. વ. ૯૭). રહેવાનું ઠે.: જી-૫, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વે), મુંબઈ-૫૮. ઉઠમણાંની ક્રિયા આજે બપોરે મું. ટા. ૩ કલાકે અંધેરી મધ્યે પટેલ અગીયારીમાં કરવામાં આવશે.

---

કચ્છ માંડવી મુકામે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૩-૧૦-૧૭, શુક્રવારના ૪ થી ૫. ઠેઃ પાંજીવાડી, કાંજુર ઈસ્ટ સ્ટેશન પાસે.

**મેઘવાળ**

ગામ ટાણા (હાલ વાલપખાડી) સ્વ. લક્ષ્મણભાઈ (ઉં. વ. ૬૯) ૩-૧૦-૧૭, મંગળવારના રામચરણ પામ્યા છે. તે સ્વ. જેઠાભાઈ અને સ્વ. ડાયબાઈ તથા સ્વ. કેસરબેનના પુત્ર. ગં. સ્વ. ધુડીબાઈના પતિ. સ્વ. હિમાબેન, ગં. સ્વ. સોનાબેન, સ્વ. હિરાબેનના ભાઈ. જીતેન, વિજયા, વસંત, નિર્મળા, અનિલના પિતાશ્રી. જયશ્રી, રંજના, રીટા, જગદીશ, દિનેશના સસરા. બારમાની વિધિ તેમ જ સંખ્યાઢાળનો પાઠ ૧૪-૧૦-૧૭, શનિવારના સાંજે ૫ કલાકે. ઠેઃ નૂતન સંસ્કાર કેન્દ્ર, વાલપખાડી.

**કપોળ**

મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. મનહરલાલ પ્રાણજીવનદાસ પરીખના ધર્મપત્ની ગં. સ્વ. હિરાલક્ષ્મીબેન (ઉં. વ. ૮૨) તે સ્વ. દમયંતીબેન હરકીશનદાસ મહેતા તથા સ્વ. ધીરજલાલ મકનદાસ મહેતાના બેન. સુરેન્દ્ર, પ્રવીણા દિનેશ સંઘવી, કુસુમ ઉપેન્દ્ર મહેતા, ઉષા ઉપેન્દ્ર મહેતા, માલતી રાજેશ મહેતા, નીતા પ્રકાશ શેઠના માતુશ્રી. જ્યોતિના સાસુ. સ્વ. શશીકાંત તથા સ્વ. જેઠાલાલના ભાભી ૧૨-૧૦-૧૭, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના ૧૪-૧૦-૧૭, શનિવારના સાંજે ૫ થી ૭. ઠેઃ મધુપુરી એપાર્ટ., દહાણુકરવાડી, ગોખલે રોડ, કાંદીવલી (વે.)

**ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ જ્ઞાતિ**

સરડોઈ (હાલ ડોંબિવલી) અ. સૌ. કિરણબેન વિજયકુમાર ત્રિવેદી (ઉં. વ. ૪૯) ૧૦-૧૦-૧૭, મંગળવારના દેવલોક પામેલ છે. તે ચિ. દિપેન, અંકિતના માતુશ્રી. અ. સૌ. શ્રદ્ધા, અ. સૌ. સ્નેહાના સાસુ. વિનોદભાઈ, સ્વ. વિદ્યાબેન, સ્વ. વસુબેન, સ્વ. સરોજબેન, અ. સૌ. ઉષાબેન, અ. સૌ. આશાબેનના ભાભી. કુશકી નિવાસી પિયર પક્ષ સ્વ. રેવાશંકર દોલતરામ પુરોહિતની પુત્રી. સ્વ. રાકેશભાઈ, સ્વ. રમણભાઈ, યોગેશભાઈ, અમૃતભાઈ, હસમુખભાઈ, ગં. સ્વ. અરુણાબેન તથા ગં. સ્વ. પ્રેમીલાબેનના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૩-૧૦-૧૭, શુક્રવારના ૫ થી ૭. ઠેઃ કે. ડી. અગ્રવાલ હોલ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ.)

**ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ**

જામનગર હાલ મલાડ શ્રી પરાગ રમેશચંદ્ર વાગડિયા (ભાવિન) (ઉં. વ. ૫૨) તે વિશાલના પિતા. સોનલના પતિ. માધવીબેન - કેતનના ભાઈ, ભરતભાઈ - રાજુભાઈના ભત્રીજા. રજનીકાંતભાઈ જોશીના જમાઈ તા. ૧૦-૧૦-૧૭ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજુલાવાળા હાલ દાદર સ્વ. ભાણજીભાઈ લાલજીભાઈ વાઘેલાના દીકરા જગજીવનભાઈ (ઉં. વ. ૮૧) તા. ૧૧-૧૦-૧૭ના દેવ થયેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. અશોકભાઈ, અનિલભાઈ, દિનેશભાઈ, રાજેશભાઈ, પ્રભાબેન કાંતિલાલ ગોહિલના પિતાશ્રી. સ્વ. નારણભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. દુર્લભભાઈ, સ્વ. દિપકભાઈ, મંજુબેન, પુષ્પાબેનના ભાઈ, સ્વ. બાલુભાઈ કરશનભાઈ ચિત્રોડાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૧૭ શનિવારે ૫ થી ૭. ઠે.: શ્રી કૃષ્ણ મંદિર સભાગૃહ, સદાનંદ જાધવ માર્ગ, શંકર મંદિર પાસે, નાયગામ, દાદર (પૂર્વ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|